JAIN KRANTI

# જૈન ક્રાંતિ

Vol. 14 | Issue 10 | Mumbai | February - 2024| Price Rs. 5/- | Pages : 28

જ્યારે મન
સંસાર તરફ
દોટ મૂકતું હોય
ત્યારે સંસારમાં રહીને પણ
શું સંયમભાવમાં રહી શકાય ?



અલગ-અલગ દિશામાં દોડતા મનને સંયમમાં રાખવાના વિવિધ ઉપાય, વાંચો જૈન ક્રાંતિના આ અંકમાં !



# સિદ્ધિના સ્વામીને શત્ શત્ વંદના...

જૈન આગમ ગ્રંથ શ્રી ઉવવાઈ સૂત્રમાં દર્શાવ્યું છે કે
ઉત્તમ સંયમ અને શ્રેષ્ઠ તપના સાધક પંચ મહાવ્રતધારી સાધુઓ
અનેક સિદ્ધિ અને લબ્ધિના સ્વામી હોય છે.

આવા સિદ્ધિના સ્વામી, 145 આત્માઓના સંયમ પ્રદાતા,

**તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ**

એક વિરલ અને વિરાટ વ્યક્તિત્વના ધારક સિદ્ધપુરુષ હતાં.
એમના શ્રીમુખેથી દીક્ષામંત્ર, આજ્ઞામંત્ર, શિક્ષામંત્ર અને પ્રેરણામંત્ર સ્વીકાર કરી,
અનેક આત્માઓના જીવન અને હૃદય પરિવર્તન થયાં છે.

આવા અસીમ ઉપકારી
તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવની 26th **પુણ્ય સ્મૃતિ** અવસરે...
ઉપકારભાવે અમારી શત્ શત્ વંદના !

સૌજન્ય: શ્રી ભારતીબેન રશ્મિકાંતભાઈ દેસાઈ પરિવાર,
ઘાટકોપર, મુંબઈ

# પરમના શ્રીચરણોમાં
# સંકલ્પ અર્પણમ્

ગુરુદેવ ! આપને સ્વાધ્યાય પ્રિય છે.
કેમ કે, સ્વાધ્યાય એટલે પ્રભુ સાથે વાત અને પ્રભુ મારી સાથે છે, એ હોવાનો અહેસાસ !

**'જો મને મારા પરમ ગુરુદેવ ગમે છે,**
**તો... મારા ગુરુદેવને જે ગમે, તે મને ગમે !'**

ગુરુદેવ ! આપની આત્મતત્ત્વને જાગૃત કરતી પ્રજ્ઞાની એક સોટી... એક બ્રહ્મ વાક્ય...
ગુજરાતી, હિન્દી, English, French, Germany, દુનિયાની બધી જ ભાષા આવડે, પણ
**પ્રભુની અર્ધમાગધી ભાષા જ ન આવડે તો ?**

ગુરુદેવ ! મારા આત્મતત્ત્વને જગાડનારા એવા આપ સાથે સદાય જોડાયેલાં રહેવા માટે,
ગુરુદેવ ! આજે આપની દીક્ષા જયંતિના પરમ પાવન અવસરે,
આપના શ્રીચરણોમાં **'સ્વાધ્યાય દીક્ષા'**ના સંકલ્પની ભેટ અર્પણ કરું છું !
પ્રભુની વાણીને હૃદયમાં સ્થાપિત કરવાનો શુભ સંકલ્પ અર્પણ કરું છું !

**'ગુરુદેવ ! દરરોજ જ્યાં સુધી સવાસો ગાથાનો સ્વાધ્યાય નહીં થાય,**
**ત્યાં સુધી મુખમાં અન્ન કે જલનું ટીપું પણ નહીં મૂકું !'**

ગુરુદેવ ! સંકલ્પ અર્પણની ભાવના સાથે...
વિનય વંદના... અંતરની શુભેચ્છા અભિવંદના !

સૌજન્ય - શ્રી ગુરુભક્ત, કોલકાત્તા



JAIN KRANTI
જૈન ક્રાંતિ
5th February 2024, YEAR: 22, ISSUE - 275
PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 5

# સંસારમાં સંયમભાવ !

ભગવાને બે પ્રકારના ધર્મ બતાવ્યાં છે,
**અણગાર ધર્મ** અને **આગાર ધર્મ !**

**સંયમ** ગ્રહણ કરવો તે **સર્વશ્રેષ્ઠ** છે
પણ સંયમ ગ્રહણ ન કરી શકાય ત્યાં સુધી
**સંસાર**માં સંયમપૂર્વક રહેવું તે **ઉત્તમ** છે !

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવે,**
સંયમીઓને સંયમ જીવનના જે વિવિધ aspects સમજાવ્યાં છે,
**આવો, આપણે પણ સમજીએ અને**
**સંસારમાં સંયમિતભાવ સાથે રહેવાનો પુરુષાર્થ કરીએ !**

**'જેમના દરેક શ્વાસ પર**
**સ્વયંના આત્મતત્ત્વ પરનો વિશ્વાસ છે'**
એવા અસીમ ઉપકારી,
**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવને**
**33rd સંયમ જયંતિ અવસરે**
એમના પદ્મચરણમાં અહોભાવભીની વંદના,
અમ અંતરની સંયમ શુભેચ્છા અભિવંદના !



**આ અંકના સૌજન્યદાતાઃ**
**શ્રી કોઠારી પરિવાર, મુંબઈ**

: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI
SHREE KUNJANBEN CHHEDA

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

: Note:

- We are responsible for any query arrising in Jain Kranti Magazine.
- We will pay balance amount, if any regarding R. N. I.

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181

**TO KNOW MORE ABOUT**
**PUJYA GURUDEV**
**CONTACT ON: +91-9860905678**

# સંયમનું શ્રેષ્ઠ ઉપકરણ રજોહરણ !



**રજોહરણ... પ્રભુનું દેવતાઈ વરદાન**
**એ માત્ર સંયમનું પ્રતિક નથી,**
**એ તો ભવોભવની હિંસાના**
**સંસ્કારોને ભસ્મીભૂત કરી,**
**સંયમી આત્માના એક-એક પ્રદેશમાં**
**અહિંસા, કરુણા, દયા, અનુકંપા, પ્રેમ અને વાત્સલ્યની**
**પવિત્ર ધારાઓને પ્રગટાવનારું પ્રેમનું પ્રતિક છે.**

**રજોહરણ એટલે...**
'सर्व जीव मम जीव सम' ના ભાવ સાથે,
જીવ માત્રની જતના કરવાનું જીવદયાનું પ્રતિક છે.

રજોહરણ એ સંયમી આત્મા માટે મન, વચન અને કાયા ઉપર
સતત watch રાખનાર watchman સમાન હોય છે.

જેમના હસ્તમાં પ્રભુનું શ્રેષ્ઠ ઉપકરણ - રજોહરણ હોય, એ મનથી કોઈપણ જાતના અયોગ્ય વિચાર ન કરી શકે,
કોઈના ભાવોની હિંસા થાય એવા વચનો ન બોલી શકે અને કાયાથી કોઈપણ પ્રકારનું અયોગ્ય વર્તન ન કરી શકે.

રજોહરણ હંમેશાં પ્રભુ અંત:કરણમાં બિરાજમાન હોવાની પ્રતિતી કરાવે.
'પ્રભુનું ઉપકરણ, શુદ્ધ કરે અંત:કરણ !'

**અંક સૌજન્યદાતાઃ શ્રી કોઠારી પરિવાર, મુંબઈ**




# સંયમમાં Speed breaker સુખબુદ્ધિ

- પરમ ગુરુદેવ

જીવનની આ યાત્રામાં, જે સ્વયંના આત્મા પર સંયમનો શણગાર કરે છે, એનો ભવ અને ભવોભવ સાર્થક થઈ જાય છે. જે પોતાના આત્મા પર સુખનો, અનુકૂળતાનો શણગાર કરે છે, એનો દુર્લભ અને અમૂલ્ય એવો માનવભવ નિરર્થક થઈ જાય છે.

**સંયમ એટલે સ્વયંનો સ્વયંને Self command!**

Self command એટલે વ્રત, અણુવ્રત અને મહાવ્રત !

જ્યારે કોઈ વ્યક્તિ અવ્રતથી અણુવ્રત કે મહાવ્રત તરફ જવાનો પુરુષાર્થ કરે છે, ત્યારે તેને અનંતકાળની સુખબુદ્ધિ disturb કરે છે અને આ સુખબુદ્ધિ જ speed breaker બની જાય છે.

તમારી selfને check કરો, તમારે સંયમના માર્ગે આવવું છે અથવા સંસારમાં રહીને પણ સંયમભાવમાં રહેવું છે, પણ તમને એક તત્ત્વ રોકી રહ્યું છે, અટકાવી રહ્યું છે, અંતરાય આપી રહ્યું છે અને એ તત્ત્વનું નામ છે, સુખબુદ્ધિ ! અને તે સમયે તમારા મનમાં એક war શરૂ થાય છે... મારાથી આ થશે ? મારાથી આના વિના રહી શકાશે ? પછી મારી responsibilitiesનું શું ? અને બીજી તરફ આત્મા કહે છે, ના ! આવો શ્રેષ્ઠ માનવભવ ક્યારે મળશે ? શું આ ભવ વ્યર્થ જવા દેવો જોઈએ ? બીજા એક પણ ભવમાં શું self control રાખવો શક્ય છે ?

એક તરફ સંયમનો માર્ગ અને એક તરફ સુખનો માર્ગ ! એક તરફ મનની ઈચ્છાઓ અને એક તરફ આત્માના ભાવો !

ભગવાને કહ્યું છે; જ્યારે સ્વયંનું સ્વયં સાથે યુદ્ધ થાય છે અને એ યુદ્ધમાં જ્યારે આત્મગુણોનો વિજય થાય છે, ત્યારે આત્માને સત્યનું realisation થાય છે.

સંસારમાં રહીને પણ જેમને સંયમિત જીવન જીવવું છે, સંયમ ભાવમાં રહેવું છે, એમણે પલ પલ મન અને આત્મા વચ્ચે યુદ્ધ કરવું જોઈએ, પલ પલ સ્વયંનું સ્વયં સાથે યુદ્ધ કરવું જોઈએ.

મન ઉપર ઈચ્છાઓ, અનુકૂળતાઓ, સુખ આદિના આકર્ષણો attack કરશે. ક્યારેક કાંઈક ખાવાની ઈચ્છા, ક્યારેક કોઈની feelings, ક્યારેક વિકારના ભાવ, ક્યારેક પરિગ્રહ સામે આવશે, એ સમયે તમારે તમારી selfને command આપવાનો... મારે અત્યારે આ ભાવતી વસ્તુ નથી વાપરવી, મારે એમની feelingsમાં involve નથી થવું, મારે અત્યારે આ પરિગ્રહ વધારવો નથી. મારે અત્યારે મારા મનનું નહીં, મારા આત્માનું માનવું છે. સતત આવા યુદ્ધ કરતા રહો.

**પરિણામ શું આવશે ?**

બની શકે છે, 100 વારના યુદ્ધમાં 50 વખત તમે હારી જશો પણ 50 વખત તો જીતી જશો ને ?

**જે એકવાર મન સામે જીતી જાય છે, તે**

**અંત સુધી જીતવાની સંભાવનાવાળા બની જાય છે.**

સુખબુદ્ધિ તમને હંમેશા લલચાવશે કે આ અનુકૂળતાને પામી લે, આ સુખને ભોગવી લે.

સુખબુદ્ધિ હંમેશાં અનુકૂળતાને આમંત્રણ પત્રિકા લખતી હોય છે, એટલે અંતે તમે અનુકૂળતાના પ્રેમી બની જાવ છો.

અમારી પ્રેરણા એવી નથી કે, બધી અનુકૂળતાઓ છોડી દો, પણ જ્યારે જ્યારે અનુકૂળતા આવે ત્યારે ત્યારે અંદરમાં એક war શરૂ કરી દો, કે આ અનુકૂળતાને પ્રાપ્ત કરવા માટે અંદરમાં આગ્રહ કેટલો છે !

અનુકૂળતાને પ્રાપ્ત કરવાના આગ્રહને પરમાત્માએ સુખબુદ્ધિ કહી છે, સુખબુદ્ધિ comfort તરફ લઈ જાય છે.

તમે self check કરો, તમારા જરૂરિયાતના પદાર્થો કેટલાં ? શોખના પદાર્થ કેટલાં અને અનુકૂળતાના પદાર્થ કેટલાં ?

તમને સમજાઈ જશે, તમારી આસપાસ અનુકૂળતાના પદાર્થો પાર વિનાના છે.

**જેની સુખબુદ્ધિ આ ભવમાં છૂટે, એના આવતા ભવમાં સંયમ પ્રાપ્તિના નિમિત્તો સહજ બને.**

તમારે જો આવતા ભવના સંયમની તૈયારી કરવી હોય, તો આ ભવમાં સુખબુદ્ધિને ઘટાડવી.

**સુખબુદ્ધિની વ્યાખ્યા શું છે ?**

સુખબુદ્ધિ એટલે દરેકમાંથી સુખ શોધવાની ઈચ્છા ! દરેકમાંથી comfort શોધવાની ઈચ્છા !

પાણી તો જરાક ગરમ છે, શાકમાં જરાક નિમક ઓછું છે, આ shirt થોડું loose થાય છે વગેરે ! દરેક પદાર્થમાંથી સુખને શોધવું એ સંસારનું લક્ષણ છે, જે મળે તે ચલાવી લેવું, એ સંયમનું લક્ષણ છે ! માટે જ, મનને વારંવાર war માટે ready કરવાનું.

એક યુદ્ધ પોતાની સુખબુદ્ધિ વિરુદ્ધ !

એક યુદ્ધ પોતાની ઈચ્છાઓ વિરુદ્ધ !

એક યુદ્ધ પોતાની અનુકૂળતાઓ વિરુદ્ધ !

એક યુદ્ધ પોતાની demand વિરુદ્ધ !

જો એકવાર અનુકૂળતાઓ પાછળની, સુખની પાછળની દોડ અટકી જાય, સુખ મેળવવાના પ્રયત્નો છૂટી જાય તો lifeમાં સુખ અને શાંતિ બંને આવી જાય અને ત્યારે સત્ય સમજાય કે, સુખ તો મારી અંદરમાં જ હતું, હું વ્યર્થ બહાર એને શોધવા દોડતો હતો !

આજથી તમારી selfને command આપી, સમજથી એવી strong બનાવી દયો કે, મારી સુખબુદ્ધિ જ મને દોડાવે છે, મારી સુખબુદ્ધિ જ મારા સંયમમાં speed breaker બને છે, મારી સુખબુદ્ધિ જ મને અવ્રત તરફ લઈ જાય છે, મારી સુખબુદ્ધિ જ મને disturb કરે છે અને મારા મનુષ્યભવને વ્યર્થ કરે છે.

**આજથી એક જીવનમંત્ર બનાવો.**

'મારા પરમાત્મા મહાવીર સામે ચાલીને પ્રતિકૂળતાઓને આમંત્રણ આપવાવાળા હતાં, પ્રતિકૂળતાને સામેથી આમંત્રણ આપવાની ક્ષમતા કદાચ મારામાં નથી, પણ હું મારી અનુકૂળતાને આમંત્રણ આપવાની વૃત્તિમાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ કરીશ.'

થોડી થોડી અનુકૂળતાઓ છોડતાં જવાની અને અનુકૂળતાને આમંત્રણ નહીં આપવાનું. કેમ કે, અનુકૂળતાને શોધનારું મન હંમેશાં સંસાર વધારે છે, અનુકૂળતાને શોધવારું મન આશ્રવને વધારે છે અને સંસારનું પરિભ્રમણ વધારે છે.

**યાદ રાખો, અનુકૂળતાઓને છોડવાવાળાને જેટલી શાંતિ અને સમાધિ હોય, તેટલી અનુકૂળતાઓને ભોગવવાવાળાને ક્યારે ન હોય.**

પહેલાં અનુકૂળતાઓ મેળવવા માટે દોડાદોડી અને પ્રયત્ન કરવાના અને પછી એ અનુકૂળતાઓ જાય નહીં, એના માટે પ્રયત્ન અને ચિંતા કરવાની !

આ મન છે ને એ બહુ વિચિત્ર હોય છે, એ જે મળે ને એમાંથી સુખ અને અનુકૂળતાને શોધવાનો પ્રયત્ન કરતું જ રહે છે, માટે જ, સતત મન સાથે યુદ્ધ કરતાં રહેવાનો પુરુષાર્થ કરવાનો !

જીવનની આ યાત્રામાં, આવનારા એક એક દિવસ, એક એક પલ અમૂલ્ય છે, precious છે, કેમ કે, આ મનુષ્ય ભવ ક્યારે છૂટી જશે ખબર નથી અને ફરી ક્યારે મનુષ્ય ભવ, સત્યની સમજ અને સત્ય સમજાવનાર ગુરુનો યોગ થશે, એ પણ ખબર નથી.

માટે જ, આ ભવમાં self controlની habitને develop કરી, મનને controlમાં રાખવાનો પુરુષાર્થ કરી, આવતા ભવના સંયમનું planning કરવું, એ જ આ ભવની સાર્થકતા છે. સુખબુદ્ધિના speed breakerને દૂર કરવાનો પુરુષાર્થ, એ જ આ ભવની સાર્થકતા છે.



# સંયમમાં રાહબર ગુરુતત્ત્વ

- પરમ ગુરુદેવ

રાહ જ્યારે જાણીતો હોય છે, ત્યારે ભાગ્યે જ કોઈને રાહબરની જરૂર હોય છે, પણ રાહ જ્યારે અનજાન હોય છે, ત્યારે ક્યાંકને ક્યાંક કોઈ રાહબરની જરૂર તો પડે જ છે.

એક આત્મા જ્યારે આત્મશુદ્ધિના રાહ પર આગળ વધે છે, મુક્તિની મંઝિલ તરફ પગલા ભરે છે, ત્યારે જો એને માર્ગ અને મંઝિલની પૂરેપૂરી જાણકારી હોય, પૂરું જ્ઞાન હોય, તો એને કોઈ રાહબર કે માર્ગદર્શકની જરૂર પડતી નથી.

તમારે જ્યાં પહોંચવું છે, ત્યાં જવાનો માર્ગ જો ખબર ન હોય, તમને એનું કોઈ જ્ઞાન ન હોય, તો તમારે કોઈને કોઈ રાહબરની, કોઈ માર્ગદર્શકની, કોઈ જ્ઞાનીની, કોઈના આધારની, કોઈના આલંબનની અવશ્ય જરૂર પડે છે. એ સમયે એ આત્મ યાત્રિકના મનમાં એક ભાવના પ્રગટ થાય છે કે, મને કોઈ રાહબર મળી જાય, મને માર્ગ બતાવનાર કોઈ જ્ઞાની મળી જાય, મને કોઈનું આલંબન મળી જાય અને એ ભાવનાના કારણે એની એક ખોજ શરૂ થાય છે.

**ક્યારેક રાહબર મળે અને પછી રાહ મળે, તો ક્યારેક રાહ મળે અને પછી રાહબર મળે.**

ક્યારેક આત્મતત્ત્વને પામવાની, આત્મશુદ્ધિ કરવાની ઝંખના પ્રગટ થાય અને એ માટે ગુરુની ખોજ શરૂ થાય, તો ક્યારેક ન કોઈ લક્ષ્ય હોય, ન કોઈ ધ્યેય હોય અને અચાનક જ પુણ્યોદયે ગુરુ મળી જાય.

**જ્યારે રાહ અને રાહબરનો સંયોગ અને સહયોગ થઈ જાય, ત્યારે યોગીનો માર્ગ તૈયાર થઈ જાય છે.**

યોગી એ હોય, જેમના સ્વયંના મન, વચન અને કાયા પર સ્વયંનો control હોય, જેમનો મન, વચન, કાયા પર સંયમ હોય, self control હોય.

જેમને પોતાના યોગ-મન, વચન, કાયા પર સંયમ ન હોય, એ કયારેક યોગી ન હોય.

માટે જ, યોગી અને સંયમ બંને એકબીજાની સાથે જોડાયેલાં હોય છે.

યોગીના યોગમાં, સંયમ માટે જે ઉપયોગી બનવાનું કર્તવ્ય નિભાવે એ ગુરુ હોય છે.

**યોગીના યોગમાં, સંયમ માટે જે નિમિત્ત બને એ ગુરુ હોય છે.**

**એ ક્ષણ... આત્મરક્ષણની ક્ષણ !**

જીવનના પ્રવાહમાં ઘર હોય, પરિવાર હોય, માતા-પિતા અને ભાઈ-બહેન હોય, સ્વજનો અને મિત્રો હોય, એ બધાં જ જાણીતાઓની વચ્ચે જ્યારે એક સાવ જ અજાણી વ્યક્તિનો ગુરુ તરીકે જીવનમાં પ્રવેશ થઈ જાય, એ શું હોય ?

શું એ નિયતિ હોય ?

ના, એ માત્ર નિયતિનો ખેલ ન હોય, એ તો તમારા ઉજ્જવળ ભાવિના નિર્માણનો સંકેત હોય છે.

પરિવારજનો અને સ્વજનો તો આ ભવના જાણીતા હોય છે, જ્યારે અનજાન ગુરુ જાણે ભવોભવના જાણીતા હોય, એવો અહેસાસ કરાવે છે.

ગુરુ એ જ હોય, જે તમારા ભવોભવના એમની સાથેના ઋણાનુંબંધને પ્રગટ કરાવી દે, તમારા ભવોભવના આંતરિક સ્પંદનોને જાગૃત કરી દે, પછી તમારું મન, તમારું ન રહે અને તમને ખબર પણ ન પડે, તેમ ગુરુચરણમાં સમર્પિત થઈ જાય અને ગુરુ શરણમાં સોંપાઈ જાય. તમારું મન તમારું ન રહે, ત્યારે તમારા મનના ભાવો પર, તમારા મનની ઈચ્છાઓ પર, તમારા વિચારો પર અને તમારી અપેક્ષાઓ પર સહજતાથી સંયમ આવી જાય, self control આવી જાય.

**યાદ રાખજો,** જીવનમાં સંત મળવા એ પુણ્યનો ઉદય હોય છે અને ગુરુ મળવા એ પુણ્યના ઉદય સાથે ઋણાનુબંધનો સંબંધ છે. એ એક એવો સંબંધ હોય, જે સંબંધમાં ન માનું નામ હોય, ન પિતાનું નામ હોય, ન ભાઈ-બહેનનું નામ હોય, ન અન્ય કોઈ નામ હોય, ન કોઈ સંબોધન હોય, છતાં પણ સર્વ સંબંધો એમાં સમાય જતાં હોય એવું સંવેદન હોય.

ગુરુ એ તત્ત્વ હોય, જેમાં સર્વ સંબંધો અનુભવતાં-અનુભવતાં જાણે કે, સંબંધ પર જ પૂર્ણવિરામ મૂકાય જવાની અનુભૂતિ થવા લાગે, એ અનન્ય અનુભૂતિની ક્ષણને, એ પાવન પળને કહેવાય છે કે **ગુરુતત્ત્વએ તમારા અસ્તિત્વમાં પ્રવેશ કર્યો છે !**

**ગુરુતત્ત્વનો અસ્તિત્વમાં પ્રવેશ થવો એટલે આત્મતત્ત્વનું જાગૃત થવું. એક આત્માથી, અન્ય આત્મતત્ત્વનું જાગૃત થવું.**

એક વાત ખાસ સમજવા જેવી છે કે, ગુરુને આકૃતિથી મળવું, આકારથી મળવું, સ્મિતથી મળવું, એ બધું જ બાહ્યરૂપ હોય છે. એ બધું તો માત્ર સત્‌નિમિત્ત તરફ લઈ જવાની process હોય છે, વાસ્તવિકતામાં તો આત્માથી આત્માનું જાગૃત થવું એ ગુરુને મળવું હોય છે.

જે સમયે ગુરુતત્ત્વથી આત્મતત્ત્વને જાગૃત કરનારી ક્ષણ સર્જાય, એ ક્ષણ 'ગુરુક્ષણ' હોય છે, એ ક્ષણ 'શિષ્યક્ષણ' હોય છે. જેના જીવનમાં આવી આત્મચૈતન્ય જાગૃતિની ગુરુક્ષણ અને શિષ્યક્ષણ અનુભવાય, એની ક્ષણ-ક્ષણ પાવન થઈ જતી હોય છે. એ ક્ષણ અને તેના પછીની દરેક ક્ષણ આત્મરક્ષણની ક્ષણ થઈ જાય છે.

**ગુરુને શોધવા કે ન શોધવા? ગુરુને શોધવા જોઈએ કે ન શોધવા જોઈએ? શું શોધવાથી ગુરુ મળે ?**

ના, ગુરુ ક્યારેય ગોતવાથી કે શોધવાથી ન મળે.

ગુરુ તો જીવનના કોઈ એવા એક વળાંક ઉપર મળી જાય છે અને એવા વળાંક ઉપર મળ્યાં પછી આખું જીવન જ એમના તરફ વળી જાય છે. આખું જીવન પછી એ ગુરુતત્ત્વમાં અને એ પરમતત્ત્વમાં, પ્રભુમાં ભળી જાય છે. જ્યાં સુધી એવું ન સર્જાય ત્યાં સુધી ધર્મક્ષેત્રમાં ગમે તેટલીવાર આવો, બેસો, પ્રવચન સાંભળો, કંઈક શીખો, સમજો, એટલાં માત્રથી કાંઈ ન થાય.

**ગુરુતત્ત્વનો અહેસાસ જો થાય તો પળમાં થઈ જાય અને ન થાય તો ભવોભવ પણ વિતી જાય.**

બહારથી જગાડનાર વ્યક્તિ ગમે તેટલીવાર જગાડે પણ સામેવાળા જાગ્યા પછી પણ સૂઈ જાય.

ગુરુ તો એ હોય જે જગાડે તો પળમાં જગાડી દે અને એકવાર જગાડ્યાં પછી ભવમાં પણ સૂવા ન દે. તમારા સંસારની ઊંઘને વેરણ કરી દે. તમારા સંસારના મોહને ભસ્મીભૂત કરી દે.

**ગુરુ એ સદ્‌ગુણોની જનની હોય છે.**

માટે જ, જ્યારે એક ગુરુનો એક શિષ્યને યોગ થાય છે, ત્યારે શિષ્યમાં સદ્‌ગુણો સહજતાથી પ્રગટવા લાગે છે.

સ્નેહ, પ્રેમ, રાગ અને આકર્ષણ જન્માવે, એ ક્યારેય ગુરુ ન હોય. જે તમને પંપાળે, તમારી ઘણી બધી સંભાળ રાખે, એટલાં માત્રથી ગુરુની પરખ ન થઈ શકે.

**પ્રેમ આપે અને પંપાળે એ નહીં, પણ તમારી અંદરની પ્રજ્ઞાઓને જગાડે એ ગુરુ હોય.**

ગુરુ તો એ હોય જે તમારા ભવોભવથી સૂતેલા આત્માને જગાડી દે, જે તમારા અનંતકાળથી મોહ નિદ્રામાં સૂતેલા આત્મતત્ત્વને જાગૃત કરી દે.

**જેમનાં સાંનિધ્યમાં, જેમની પ્રેરણાથી તમારું આત્મતત્ત્વ જાગી જાય, એ હોય ગુરુતત્ત્વ !**

ગુરુતત્ત્વ શોધવાથી ન મળે, એ તો અનંતા પુણ્યનો ઉદય થાય ત્યારે ઋણાનુબંધથી મળી જાય.

**ગુરુતત્ત્વની જરૂર ક્યાં પડે ?**

ગુરુતત્ત્વની ક્યારેય જરૂર ન પડે.

જેની તમને જરૂર પડે અને એ જરૂરિયાતના આધારે તમે તેની સાથે જોડાવ છો, તો એ સંસાર હોય.

સંસારમાં વ્યક્તિ કોઈની પણ સાથે જોડાય છે, તો એમાં ક્યાંકને ક્યાંક સ્વાર્થ હોય છે, ક્યાંકને ક્યાંક મોહ હોય છે, કોઈ ઈચ્છા હોય છે, કોઈ જરૂરિયાત હોય છે અથવા કંઈક મેળવવું હોય છે.

**જ્યાં સુધી કંઈક મેળવવું છે, ત્યાં સુધી ગુરુ મળતાં નથી.**

ગુરુદેવ ! મારે તમારી પાસેથી કાંઈ મેળવવું

નથી, કંઈક મેળવવા માટે મારે તમને મળવું નથી ! બસ, એક સહજભાવથી 'હું, હું ન રહું' ને એવી અવસ્થાને અનુભવવા માટે હોય છે ગુરુતત્ત્વ !

જ્યાં સુધી કંઈક મેળવવાનો ભાવ હોય છે, ત્યાં સુધી ગુરુ અને શિષ્ય અલગ હોય છે, ભિન્ન હોય છે !

ગુરુદેવ ! મારે તમારી પાસેથી જ્ઞાન મેળવવું છે, મારે તમારી પાસેથી પ્રજ્ઞા મેળવવી છે, મારે તમારી ચારિત્ર-દીક્ષા મેળવવી છે.

જ્યાં સુધી આવું કંઈક મેળવવાના ભાવ હોય છે, ત્યાં સુધી ગુરુ અને શિષ્ય અલગ હોય છે. જે ક્ષણે ગુરુ અને શિષ્યની પ્રજ્ઞા એક થઈ જાય, એ ઐકયતાની ક્ષણ **ગુરુક્ષણ** હોય છે, એ અભિન્નતાની ક્ષણ **શિષ્યક્ષણ** હોય છે. તે એક એવી ક્ષણ હોય છે, જ્યારે ગુરુ, ગુરુ નથી રહેતાં અને શિષ્ય, **શિષ્ય** નથી રહેતો. બંને વચ્ચે કોઈ ભેદ નથી રહેતો. આવી અભેદદશાને પ્રાપ્ત કરવાનો જે પુરુષાર્થ કરે તે પુરુષાર્થને શિષ્યત્વની સાધના કહેવાય છે. આવી અભેદદશાનો જે અનુભવ કરાવે, તે હોય છે ગુરુતત્ત્વ !

જ્યારે ગુરુ અને શિષ્યની મતિ અને ગતિ એક થાય, પ્રવૃતિ અને પ્રકૃતિ એક થાય ત્યારે ગુરુ-શિષ્ય ઐક્યતાની અનુપમ ક્ષણ સર્જાય છે. એ ક્ષણ ન સર્જાય તો સમજવું હોઠ ઉપર ગુરુદેવનું નામ છે, શબ્દોમાં, સંબોધનમાં, વાક્યમાં અને સ્તવનામાં ગુરુદેવનું નામ છે, પણ હજુ સુધી આત્મ ઐક્યતા સર્જાણી નથી, એકમેકતા સર્જાણી નથી.

જે ગુરુ તમને અભેદદશાનો અનુભવ કરાવે, એવા ગુરુનો સંયોગ એ શ્રેષ્ઠ સંયોગ હોય છે. એ ગુરુતત્ત્વનો અહેસાસ જ એવો અનન્ય હોય કે, હું, હું ન રહું અને મને અને મારું ન રહે.

**'હું, હું ન રહું', ના ભાવને જ તો કહેવાય છે, સંયમની સાધના !**

આવી સંયમની સાધના જ્યારે જાગે છે, આવી ઉત્તમ આરાધનાનું તત્ત્વ જ્યારે જાગે છે, ત્યારે **મારે દીક્ષા લેવી છે,** એવી ઇચ્છા પણ મૃત્યુ પામી જાય છે. મારે દીક્ષા લેવી છે, એ ઇચ્છા પણ જ્યારે મૃત્યુ પામી જાય છે ત્યારે સાચી દીક્ષા થાય છે. કેમ કે, દીક્ષા મારે નથી લેવાની, દીક્ષા શિષ્ય એ નથી લેવાની, દીક્ષા તો ગુરુએ લેવાની છે.

**જો શિષ્યની જીવાદોરી ગુરુ હોય તો શિષ્ય ગુરુની જવાબદારી હોય છે.**

ગુરુ એ શિષ્ય માટે જીવાદોરી હોય છે અને ગુરુ માટે શિષ્ય જવાબદારી હોય છે.

શું આ જવાબદારી નિભાવવા માટે ગુરુતત્ત્વની જરૂર પડે ? ના !

ગુરુ માટે શિષ્ય શું માત્ર જવાબદારી હોય ? ના !

**ગુરુ તો એવું તત્ત્વ હોય, જે શિષ્યને પોતાનામાં એવા સમાવી લે કે, ગુરુ જીવે તો શિષ્ય જીવે !**

એક શિષ્ય જ્યારે ગુરુના અસ્તિત્વમાં પૂર્ણરૂપે સમાય જાય છે, ત્યારે તેના આત્મામાં એક જ ભાવ હોય છે, **જો મારા ગુરુ રહે મારા અસ્તિત્વમાં તો હું જીવું અને જો એ ન રહે, મારા અસ્તિત્વમાં તો હું કેવી રીતે જીવી શકું ?**

આવું પ્રેમતત્ત્વ, આવું સમર્પણતાનું તત્ત્વ, આવું શૂન્યત્વનું તત્ત્વ અને આવું ચૂર્ણ-ચૂર્ણ થઈ જવાનું તત્ત્વ જ્યારે અંતરમાં જાગૃત થાય છે ત્યારે અસ્તિત્વની ઐક્યતા સર્જાય છે.

અસ્તિત્વની ઐક્યતા સર્જવી, ગુણોની ઐક્યતા સર્જવી, એ જ હોય છે શિષ્યનો ગુણધર્મ !

**ગુરુતત્ત્વ એ તત્ત્વ છે જે તમારા અવગુણોને તો દૂર કરે છે પણ તમારી ઈચ્છાઓને પણ શૂન્ય કરી દે છે.**

જીવન ક્યારે શૂન્ય થઈ જશે, મૃત્યુ ક્યારે આવી જશે, એ ખબર નથી, પણ જો ઈચ્છાઓ શૂન્ય નહીં થાય ને તો આ જીવન પણ નિરર્થક થઈ જશે.

તમારી ઈચ્છાઓને શૂન્ય કરી શકે, એવી ક્ષમતા તમારાં એક પણ સ્વજનોમાં નથી હોતી. સ્વજનો તો તમારી ઈચ્છાઓને પૂરી કરી શકે અથવા તમારી ઈચ્છાઓને તોડી શકે. તમારી ઈચ્છાઓને શૂન્ય કરી શકે એવું એક જ તત્ત્વ હોય છે અને એ હોય છે ગુરુતત્ત્વ !

**ગુરુતત્ત્વની ક્યારેય જરૂર પડતી નથી..**

ગુરુતત્ત્વ તો એ તત્ત્વ છે, જે સદાય શિષ્યની અંદરમાં જીવતું હોય અને જેમને શિષ્યહૃદયમાં જીવતાં આવડે એ જ સાર્થક ગુરુ હોય છે, એ જ ગુરુ બનવાને યોગ્ય હોય છે.

જે શિષ્યહૃદયમાં જીવી ન શકે, જે શિષ્યને ગુરુતત્ત્વની જીવંતતાનો અહેસાસ ન કરાવી શકે, જીવંતતાની અનુભૂતિ ન કરાવી શકે, એ ગુરુતત્ત્વ કેવી રીતે હોય શકે ?

કેમ કે, શિષ્ય એ હોય છે, જેણે પોતાનું સઘળું ગુરુના ચરણ-શરણમાં સોંપી દીધું હોય છે, સમર્પિત કરી દીધું હોય છે અને સઘળું સોંપ્યા પછી શિષ્યહૃદયમાં એક જ ભાવના હોય છે, હું અને મારા ગુરુ એકમેક છીએ, હૃદય મારું છે પણ એમાં ધડકન તો માત્ર મારા ગુરુની જ છે.

**શિષ્ય**
**સાકર સમાન હોય છે**
**અને ગુરુ**
**સાગર સમાન હોય છે.**

સાકર જ્યારે સાગરમાં સમાય જાય છે, સાગરમાં ઓગળી જાય છે, સ્વયંના અસ્તિત્વને સાગરમાં ભેળવી દે છે, સાગરને સોંપાય જાય છે, ત્યારે એ સાકરની સંપૂર્ણ જવાબદારી સાગરની થઈ જાય છે, એને અંબર સુધી પહોંચાડવાની જવાબદારી સાગરની થઈ જાય છે.


એક શિષ્ય જ્યારે ગુરુને સમર્પિત થાય છે, ગુરુમાં સમાય જાય છે, ગુરુનાં વ્યક્તિત્ત્વમાં સ્વયંના અસ્તિત્વને ઓગાળી દે છે, ત્યારે ગુરુની જવાબદારી થઈ જાય છે, શિષ્યહૃદયમાં જીવવાની !

કેમ કે, સમર્પિત શિષ્યને પૂર્ણ વિશ્વાસ હોય છે કે, **'મારા ગુરુને જીવવા માટે મારું હૃદય એમનું આવાસ છે અને માટે જ મારો હર એક શ્વાસ એમની પૂજા છે.'**

આ ભાવોની અનુભૂતિ થાય ત્યારે શિષ્યત્વ સાર્થક થાય. મારા હૃદયમાં હું નથી જીવતો, મારા હૃદયમાં તો મારા પરમ ગુરુ જીવી રહ્યાં છે. મારા ગુરુનું જીવન એ જ તો મારું જીવન છે, આવી અનુભૂતિ એ જ હોય છે અભેદદશા !

**ગુરુતત્વની જરૂર ન હોય, ગુરુતત્ત્વ તો અભેદદશાની અનુભૂતિ હોય !**

**જીવનમાં જ્યારે - જ્યારે તમે**
**પ્રભુ કે ગુરુના સાંનિધ્યમાં હો,**
**ગુરુ પ્રેરિત સેવા અને ભક્તિ કરતાં હો,**
**ગુરુઆજ્ઞાની પાલના કરતાં હો,**
**ત્યારે-ત્યારે સ્વયં જ સ્વયંને કહો,**
**'હે આત્મન્ ! પ્રભુ અને ગુરુની**
**સેવા, આજ્ઞા અને સાંનિધ્યમાં**
**વ્યતિત કરેલી આ ક્ષણોમાં,**
**તે તારા સૌભાગ્યને**
**મહાસૌભાગ્યમાં પરિવર્તિત કર્યું છે !'**



સૌજનય - શ્રી દમયંતીબેન સુમતીલાલ શાહ




# સંયમ એટલે સરળ Life!

- પરમ ગુરુદેવ

અમૂલ્ય આ માનવભવ મળ્યાં પછી, આ lifeનો હેતુ શું હોવો જોઈએ ?

વિચાર કરો, વિશ્વના 600 કરોડ જેટલાં વ્યક્તિઓમાં lifeનો હેતુ સમજતાં હોય એવા કેટલાં હશે ?

જેમને lifeનો હેતુ સમજાય જાય, lifeનો purpose સમજાય જાય, કે મારી આ life શા માટે છે ? એવા કેટલાં હશે ? બહુ જ થોડાં હશે.

જેમને lifeનો purpose ન સમજાય, તેઓ address વગરના envelope જેવાં હોય છે.

**સંયમનો સ્વીકાર એ જ કરી શકે છે, જેમને સ્વયંની lifeનો purpose સમજાય ગયો હોય છે.**

Check કરો, તમારી lifeનો purpose શું છે ?

તમારી જીવનયાત્રા zeroથી શરૂ થાય છે અને એમાં એક પછી એક zero ઉમેરાંતા જાય છે. Birth, school, friends, college, degree, business, લગ્ન, સંતાનો, એમનો અભ્યાસ, એમનો business...

0+0+0+0+0+0+0+0+0+0

zero plus zeroની આ યાત્રા non stop ચાલતી જ રહે છે, ચાલતી જ રહે છે અને પછી જે દિવસે આંખ મિંચાતી હોય, અંતિમ સમય હોય ત્યારે એ બધાં plus, plusનું total કરો, equal to શું આવશે ?

0+0+0+0+0+0+0+0+0+0+0+0 = 0

Zero જ આવશે.

જ્યારે equal toમાં zero દેખાય છે, ત્યારે જ સમજાય છે કે lifeનો purpose તો zero જ હતો.

આ જ સત્ય છે અને આ જ વાસ્તવિકતા છે. નાનપણમાં તમે જે રમકડાંઓથી રમતાં હતાં, તે રમકડાંઓ તમે થોડાં મોટા થાવ એટલે માળિયા ઉપર મૂકી દેવામાં આવે અને પછી બીજા રમકડાં આવે અને નવી રમત શરૂ થાય. આજ સુધીના એક પણ રમકડાં કાયમ સાથે નથી રહેતાં, રમકડાંનો સાથ પણ રમત પૂરતો જ હોય છે, એમ આ જીંદગીના રમકડાંઓનો સાથ પણ કાયમ નથી હોતો.

માટે જ, **aim વગરની life એક game જ હોય છે.**

Game પૂરી થાય, એટલે વાત પણ પૂરી થઈ જાય.

જેમની lifeનો કોઈ purpose ન હોય, જેમની life aim વિનાની game જેવી હોય, એમની lifeમાં કોઈપણ આવે અને game રમી જાય.

માત્ર 5 મિનિટ માટે આંખો બંધ કરીને ચિંતન કરો કે, મારી lifeનો purpose શું હતો ?

મારી lifeનું achievement શું છે ? મારી આ અમૂલ્ય જીંદગીનો હેતુ શું છે અને અંતિમ સમયે પરિણામ શું હશે ?

અમારી આ પ્રેરણા તમને સંસાર છોડાવવાના આગ્રહની નથી, અમારી પ્રેરણા એ જ છે કે, જ્યાં સુધી સંયમ નહીં, ત્યાં સુધી સરળ

બની જાઓ.

તમે તમારી lifeમાં અત્યાર સુધી જેટલાં પણ રાગ-દ્વેષ, ઈર્ષ્યા, અહમ્, માયા, લોભ, કપટ આદિના પત્થરો મૂક્યાં છે, એ પત્થરોને હટાવી દો, તમારા માર્ગને સરળ અને વિઘ્ન રહિત બનાવી દો. તમારા માર્ગને clear કરી દો.

તમારી lifeનો purpose પણ clear થઈ જશે કે, આજથી મારે સરળ life જીવવી છે, મારે કોઈની સાથે વેર-ઝેર નથી રાખવા, કોઈના પ્રત્યે રાગ-દ્વેષ નથી કરવા, ક્યાંય અહંકાર નથી રાખવો, કોઈના માટે ઈર્ષ્યા નથી કરવી, કોઈ માયા-કપટમાં નથી પડવું.

તમારી lifeનો aim નક્કી થઈ જશે, તમારી life સરળ બની જશે.

**સંયમ life**
**ન જીવી શકાય,**
**No Problem!**
**મારે આજથી**
**સરળ life**
**તો જીવવી જ છે.**

તમારો સંસાર ભલે નહીં છૂટે પણ તમારી અંદરનો ભાવ સંસાર જરૂર છૂટી જશે.

Lifeનો purpose clear થઈ જશે, તમારી અધિકારવૃત્તિ છૂટી જશે, બીજા માટે opinion આપવાના બંધ થઈ જશે, અહંકાર અને આગ્રહભાવ ઘટી જશે.

આ ભવની વિદાય પહેલાં જો અંતરમાંથી બધું વિદાય થઈ જાય અને lifeમાં સરળતા, નિર્દોષતા અને પવિત્રતા આવી જાય તો આ ભવ સાર્થક થઈ જાય.

જેમની lifeમાં કોઈ purpose ન હોય, એમની life સરકસ જેવી હોય છે. માટે જ, અમારી પ્રેરણા અને અમારી ભાવના છે, તમારી lifeનો પણ એક હેતુ બની જાય.

**જ્યાં સુધી સંયમ નહીં, ત્યાં સુધી સરળ life**! કોઈ સાથે કોઈ problems જ નહીં. જેમને કોઈ સાથે કોઈ problems ન હોય, એમના હૃદયમાં પરમાત્મા બિરાજમાન થાય છે.

આ જો lifeનો purpose બની જાય તો ભલે સંસાર ન છૂટે પણ ભાવ સંસાર તો જરૂર છૂટી જાય.





# સંયમ એટલે સંઘર્ષનો રાહ

- પરમ ગુરુદેવ

જીવનની રાહ પર, સુખ-સગવડતાના માર્ગ પર ચાલતા-ચાલતા ક્યારેક અચાનક જ કોઈ એક દિવસ સુખનું કારણ, અકારણ જ વિદાય થઈ જાય અને એ સમયે થતી અંતરવેદના વ્યક્તિના માનસમાં સમજનું પ્રાગટ્ય કરાવી દે.

ક્યારેક અણધારેલી અને અણકલ્પેલી આવેલી તકલીફ વ્યક્તિ માટે તકદીરને બદલનારી એક તક બની જતી હોય છે, એના આત્મ ઉત્થાન માટેની અમૂલ્ય તક બની જતી હોય છે. સંઘર્ષની એ ક્ષણ, એ તક આત્મકલ્યાણની તક બની જતી હોય છે.

ક્યારેક અચાનક જ આવેલી આપત્તિ, સમજણની સંપત્તિ બની જતી હોય છે.

**ક્યારેક વિપત્તિની ક્ષણોનો સંઘર્ષ, સંયમ પ્રાપ્તિનું શ્રેષ્ઠ કારણ બની જતું હોય છે.**

જીવનમાં કોઈપણ સમયે સંઘર્ષની ક્ષણો આવે, ત્યારે યાદ રાખવાનું,

**દરેક સંઘર્ષ એ સફળતાની tution fee હોય છે. દરેક તકલીફ એ સફળતાની tution fee હોય છે. દરેક પીડા એ સફળતાની tution fee હોય છે.**

માટે જ, સંઘર્ષ જે સમજ પ્રગટાવે, એ સમજ કોઈ શાસ્ત્રો ન પ્રગટાવી શકે, એવી અંતર સમજ હોય છે.

જેમણે જીવનમાં સંઘર્ષ જોયો છે, એમણે જીવન જોયું છે, માણ્યું છે, અનુભવ્યું છે. જ્યારે જેમણે જીવનમાં સંઘર્ષ જોયો નથી, એમણે જીવનને માત્ર વિતાવ્યું છે, માણ્યું નથી, અનુભવ્યું નથી.

સંયમનો માર્ગ એ ક્યારેય સુખ-સગવડતાનો માર્ગ ન હોય, સંયમનો માર્ગ તો સંઘર્ષનો માર્ગ હોય, પ્રતિકૂળતાનો માર્ગ હોય.

સંયમનો માર્ગ એટલે મનની તૈયારી...

**'આવ, દુ:ખ હું તને welcome કરવા તૈયાર છું.'**

જ્યારે તમે સુખમાં પણ હસતા રહી શકો અને દુ:ખમાં વધારે હસતા રહી શકો, તો માનવું કે સંયમ દરવાજા ખોલીને તમારું સ્વાગત કરવા તૈયાર છે.

સંયમના દ્વાર એમના જ માટે ખૂલે છે, જેમનું મન સુખ અને દુ:ખમાં balance રાખતા શીખી જાય છે અને જેમને self control કરતાં આવડી જાય છે.

**સંસાર એટલે શું ?**

સંસાર એટલે I EXPECT !

સંયમ એટલે ALL ACCEPT !

**જ્યાં બધું જ સ્વીકાર્ય છે, ત્યાં સંયમ છે.**

ચાહે સુખ અને સગવડતા હોય, ચાહે દુ:ખ અને અગવડતા હોય, ચાહે અનુકૂળતા હોય, ચાહે પ્રતિકૂળતા હોય, ચાહે સમાધિ હોય, ચાહે સંઘર્ષ હોય, બધું જ સ્વીકાર્ય હોય, એ હોય છે સંયમ !

**જ્યાં સુખને આમંત્રણ અપાતું હોય અને દુ:ખથી દૂર ભગાતું હોય, એ હોય સંસાર !**

**જ્યાં દુ:ખને સામેથી આમંત્રણ અપાતું હોય, ગમે તેવા સંઘર્ષોને સહન કરવાની તૈયારી હોય, એ હોય છે સંયમ !**

કેટલીક વ્યક્તિના જીવનમાં તકલીફ આવે ત્યારે એ તકલીફને તક નથી બનાવતા, જ્યારે કેટલીક વ્યક્તિ તકલીફને જ તક બનાવી, સ્વયંની આખી તકદીરને બદલી નાંખતા હોય છે.

દુ:ખનો ફરિયાદી ક્યારેય પરમાત્માની યાદીમાં આવતો નથી.

**સંયમ શું શીખવે છે ?**

સંયમ શીખવે છે, પ્રતિકાર વિનાનો સ્વીકાર !

પ્રતિકાર વિનાનો સ્વીકાર કરવાની સમજ જ્યાં ખીલવા લાગે છે, તેને સંયમ કહેવાય છે. ફરિયાદ સાથે વિતતી દરેક ક્ષણ સંસારની ક્ષણ હોય છે.

**સંઘર્ષ સંયમનો માર્ગ ખોલે છે.**

સંઘર્ષની વેદનામાંથી સર્જાય છે, આત્માનો વૈભવ ! પીડાઓમાંથી પ્રગટે છે, પ્રવ્રજ્યાના ભાવો ! માટે જ, હું હંમેશાં એક ભાવ રાખું છું, પ્રભુને એક પ્રાર્થના કરું છું.

હે પ્રભુ ! જ્યાં સુધી હું ભગવાન ન બનું, જ્યાં સુધી હું પરમતત્ત્વને પામી ન શકું, જ્યાં સુધી હું મારા આત્મતત્ત્વને વિશુદ્ધ ન બનાવી શકું, ત્યાં સુધી પ્રભુ હું આપની પાસે એક પણ ભવમાં સુખ ન માંગું, એટલી સમજણ આપજો !

પ્રભુ, મારી અંદરમાં સુખ માંગવાનો વિચાર ક્યારેય ન આવે, હું ક્યારેય લાગણીની માંગણી ન રાખું, એવી સમજ આપજો !

હે પ્રભુ ! સંસારમાં તો સુખ માંગ્યું છે, પણ જ્યારે-જ્યારે ધર્મના માર્ગ પર આવ્યો, ત્યારે ધર્મ પણ મેં સુખને પામવા માટે કર્યો, સુખી થવાના ભાવ સાથે કર્યો. ગુરુ પાસે જઈને પણ સુખ જ માંગ્યું અને સુખ માંગવાની આ અજ્ઞાનતાના કારણે જ મને આ સંસાર મળ્યો છે.

હે પ્રભુ ! મારી આ અજ્ઞાનતાને દૂર કરી દો, મારી સુખ માંગવાની વૃત્તિમાંથી મને મુક્ત કરાવી દો.

આ એક ભાવ અંતર આત્મામાં જન્મે તો સુખમાં પણ balance રાખી શકાય અને દુ:ખમાં પણ balance રાખી શકાય અને જો આ ભાવ ન જન્મે તો સાધુ બન્યા પછી પણ balance ન રાખી શકાય.

માટે જ, મારી તમને સહુને પ્રેરણા છે, ગુરુદેવના સાંનિધ્યમાં રહેવાથી સુખ મળશે, ગુરુદેવના શરણમાં રહીશ તો સુખી થઈશ, સંયમ લઈશ તો હું સુખી થઈ જઈશ, એવા ભ્રમમાં ક્યારેય ન રહેતાં.

**સુખ આપે એ ક્યારેય ગુરુ ન હોય, સત્ય આપે એ ગુરુ હોય.**

જીવનમાં આવતાં સંઘર્ષો, વેદનાઓ, તકલીફો, પીડાઓ એ તો સત્યથી જોડવા માટે આવે છે, એ તો પરમતત્ત્વ સાથે, પ્રભુતત્ત્વ સાથે અને પરમ દૃષ્ટિ સાથે આપણને જોડવા માટે આવે છે.

કેટલાંક એવા હોય છે, જે દુ:ખ આવતાં જ તૂટી જાય છે અને કેટલાંક એવા હોય છે,જે દુ:ખમાં પણ સુખના બીજ વાવી લે છે. પીડામાં પ્રસન્નતાના બીજ વાવી લે છે, વંદનામાં આત્મવૈભવના બીજ વાવી લે છે અને સંઘર્ષમાં સંયમના બીજને અનુભવી, પોતાની આખી lifeને બદલી નાંખે છે, lifeમાં એક U-turn લઈ આવે છે.

સંયમનો સ્વીકાર કરવાવાળા, ક્યારેય સંઘર્ષોથી ડરીને કે ભાગીને નથી આવતાં, એ તો સંઘર્ષોને સ્વીકાર કરવા, સંઘર્ષોનો સામનો કરવા આવે છે.

**જીવનમાં જ્યારે - જ્યારે કોઈ તમારું insult કરે,**
**કોઈ તમારી સાથે કારણ વગરની argument કરે,**
**ત્યારે - ત્યારે સામે reply ન આપતાં, યાદ કરો આ સૂત્રને...**

**'મૌનમાં મજા છે શબ્દોમાં સજા છે !'**

# સંયમ એટલે 'સ્વયં હું જ મારો પરિક્ષક !'

- પરમ ગુરુદેવ




સંયમ એટલે શું માત્ર સંસારનો ત્યાગ અને વેશનું પરિવર્તન ? ના !

**સંયમ એટલે સ્વયંના પરીક્ષક બનવું.**

સ્વયંના પરીક્ષક બનવા પલ-પલ જાગૃતિના શસ્ત્રોને સજાવીને રાખવા પડે છે. જાગૃતિ હોય તો જ પલ-પલ સ્વયંના એક-એક ભાવોનું પરીક્ષણ કરી શકાય, એક-એક ભાવોનું મૂલ્યાંકન કરી શકાય.

ભાવોનું પરીક્ષણ ભાવોને પરિશુદ્ધ કરવાનું પરિબળ છે.

જેમને સ્વયંને 'સ્વ' ની સાથે વાતો કરતાં આવડી જાય, સ્વયંના ભાવોનું નિરીક્ષણ અને પરીક્ષણ કરતાં આવડી જાય, સ્વયંના પરીક્ષક બનતાં આવડી જાય, એમનો સંયમ સાર્થક થઈ જાય.

જેમને સ્વયંને પોતાની પરીક્ષા લેતાં ન આવડે, તેમની પરીક્ષા કદાચ 'ગુરુ' લે.

પણ યાદ રાખજો, ગુરુ તમારી પરીક્ષા લે એ તમારા સંયમની સાર્થકતા ન કહેવાય. ગુરુ તમારી પરીક્ષા લે એ દીક્ષા નથી, તમે સ્વયં તમારા સ્વયંના પરીક્ષક બનીને, તમારી પોતાની જ પરીક્ષા લ્યો, એ જ તમારી વાસ્તવિક દીક્ષા છે. કેમ કે, સંયમની આ યાત્રામાં હજારો ભાવિકો સંયમને નમસ્કાર કરે છે, સંયમીઓને નમસ્કાર કરે છે.

માટે જ, સંયમીઓએ પલ-પલ સ્વયંને check કરતાં રહેવું જોઈએ, પલ-પલ સ્વયંના પરીક્ષક બનીને પરીક્ષણ કરવું જોઈએ કે, જગત જ્યારે મારા ચરણોમાં ઝૂકે છે, ત્યારે મારું આચરણ ઝૂકવા લાયક છે કે નહીં ?

> **બીજાની ભૂલોને જોવી, એ સંસાર છે. સ્વયંની ભૂલોને પળે-પળે જોવી, ઓળખવી, સુધારવી એ સંયમ છે.**

સંયમ લેવા માત્રથી સિદ્ધ ન થવાય, પળે-પળે ભૂલનું પરીક્ષણ કરી, ભૂલને સુધારવાથી સિદ્ધિને પ્રાપ્ત કરી શકાય.

**જે સુધરવાનો પુરુષાર્થ કરે છે, તે 'સાધક' હોય છે.**

હજારો પ્રવચનો સાંભળનાર કરતાં, એક પ્રવચન સાંભળીને સ્વયંના પરીક્ષક બની, સ્વયંની ભૂલોને સુધારનાર સાધક વધારે પ્રેરક હોય છે, એની જીવનશૈલી સ્વયં માટે કલ્યાણકારી હોય છે અને અન્ય માટે માર્ગદર્શક હોય છે.

પ્રવચનો ફરમાવવાની શ્રેષ્ઠતા આવી જાય, એ સંયમીઓની શ્રેષ્ઠતાનું માપદંડ ન હોય, પોતાને જ પોતાની માટે, જેમાં પ્રભુના વચનો ભળ્યાં હોય, એવું પ્રવચન આપતાં આવડી જાય, એ સંયમની શ્રેષ્ઠતા હોય છે.

કેટલાંય આત્માઓ એવા હોય છે, જેમને દીક્ષાર્થીઓનો દીક્ષા મહોત્સવ, દીક્ષાર્થીઓને મળતાં સન્માન અને દીક્ષાર્થીઓના થતાં જય જયકાર જોઈને દીક્ષા લેવાનું મન થઈ જાય છે.

મહોત્સવને જોઈને સંયમ લેવાનું મન થાય, એટલાં માત્રથી સંયમ સાર્થક ન થાય, મન થયાં પછી એના ઉપર સ્વયંનું મનન થવું જોઈએ, આત્મચિંતન થવું જોઈએ અને એ દિશામાં પુરુષાર્થ થવો જોઈએ, એવો પુરુષાર્થ જે તમારા સમસ્ત અસ્તિત્વનું પરિવર્તન કરાવી દે !

તમારું મનન અને ચિંતન એવા હોય, જે પલ-પલ તમારા ભાવોનું અને તમારી વિચારધારાઓનું પરીક્ષણ કરાવે, અનુપ્રેક્ષા કરાવે અને પછી જ્યારે તમારું મન મૌન થઈ જાય, શાંત થઈ જાય, ત્યારે જે અંતર આત્મામાંથી પ્રગટ થાય એ સાર્થક સંયમ હોય, એ સ્વયંની પરીક્ષામાંથી પાસ થયેલો સંયમ હોય.

સંયમ સ્વીકારતા સમયે તો અંતરમાં ઉત્કૃષ્ટ અહોભાવ હોય પણ સંયમ સ્વીકાર પછી પલ-પલ સ્વયંની વૃત્તિઓ સાથે એક war start થાય.

જગતમાં યોદ્ધા એ કહેવાય, જે અન્ય સાથે war કરે અને સંયમમાં યોદ્ધા એ કહેવાય, જે સ્વયંની વૃત્તિઓ સાથે war કરે અને સ્વયંને મનની ગુલામીમાંથી મુક્ત કરાવે.

સંયમમાં શ્વેત વસ્ત્રો ધારણ કરવા સહજ છે, પરંતુ સ્વયંની વૃત્તિઓને શ્વેત કરવી, વિશુદ્ધ કરવી એ અત્યંત કઠિન છે. વૃત્તિઓને શ્વેત અને વિશુદ્ધ કરવા સ્વયંના પરીક્ષક બનવું અત્યંત જરૂરી હોય છે.

**સંયમ એ હોય, જેમાં 'I can, It's Possible,' નો અંતરનાદ હોય, આત્મવિશ્વાસ હોય.**

સંયમમાં જો વિકલ્પ આવતો હોય, તો એ સંયમીની weakness હોય. વિકલ્પ એને જ આવે, જેમને સ્વયંના પરિક્ષક બનતાં ન આવડે, સંયમના પરિક્ષક હર પળ પોતાની ભૂલો અને પોતાના ભાવોનું પરિક્ષણ કરે અને તે પ્રમાણે પોતાની ભૂલો અને ભાવોને, એક આત્મવિશ્વાસ સાથે, 'I can, It's Possible,' ના અંતરનાદ સાથે સુધારતાં-સુધારતાં સ્વયંના સંયમને શ્રેષ્ઠ બનાવતા જાય અને અંતે સિદ્ધિને વરે.




સૌજન્ય: શ્રી ગુરુભક્ત મોદી પરિવાર, વિલેપાર્લે



# સંયમ એટલે
# આગ્રહભાવથી મુક્તિ

- પરમ ગુરુદેવ

ભગવાને કહ્યું છે, એક મંઝિલ માટે અનેક માર્ગ હોય શકે છે, આત્મશુદ્ધિની એક મંઝિલ માટે અનેક પ્રકારની સાધનાઓ હોય શકે છે.

કેટલાંક આત્માઓ એવા હોય, જેમને મોક્ષમાર્ગના પથિક બનાવવા માટે ગુરુને ઘણો પુરુષાર્થ કરવો પડે, તો કેટલાંક આત્માઓ એવા પણ હોય, જેમને પોતાને જ અંદરથી આત્મશુદ્ધિના ભાવ જાગૃત થાય, એમને સિદ્ધત્ત્વને પ્રાપ્ત કરવાની પ્રેરણા મળતી હોય. એવા આત્માઓ માટે ગુરુને માત્ર યોગ્ય અને સમ્યક્ માર્ગદર્શન જ આપવું પડે, કેટલાંક આત્માઓ એવા પણ હોય જેમની જનમ-જનમની સાધના હોય અને આ ભવે એક નિમિત્ત મળતાં જ, ગુરુના શ્રીમુખેથી એક સત્ પ્રેરણા મળતાં જ સંયમ સ્વીકારવાના ભાવ પ્રગટ થઇ જાય. કેટલાંક આત્માઓને માતાના ઉદરમાંથી જ સંયમના સંસ્કાર પ્રાપ્ત થાય તો કેટલાંક આત્માઓને ઘરનાં વડીલોના સંસ્કાર પ્રાપ્ત થાય અને સંયમના ભાવ થઇ જાય.

અનેકની સહાય અને અનેકનો સહયોગ, અનેકના ભાવ અને અનેકના સદ્ભાવનો જ્યારે યોગ-સંયોગ થાય છે, ત્યારે એક પુણ્યવાન આત્મા સંયમના માર્ગ પર, શ્રેષ્ઠ પુરુષાર્થના માર્ગ પર આવે છે.

ક્યારેક કોઇક સેવા કરતાં-કરતાં સંયમ સાધનાના માર્ગ પર આવી જાય, તો ક્યારેક કોઇ માતા-પિતાની આંગળી પકડીને ધર્મ સ્થાનકમાં આવે અને પ્રભુ પથગામી બની જાય. ક્યારેક કોઇ પોતાના mobileમાં youtube પર ગુરુનું પ્રવચન સાંભળે અને સત્યનું realisation થઇ જાય.

એક વાત યાદ રાખવા જેવી છે; ગુરુનો voice ગમે તેટલો powerful હોય, પણ એમાં જો સ્વયંનો inner voice ન ભળે તો ક્યારેય પરિણામ ન આવે.

પ્રભુના વચનો સાથે, ગુરુની જ્ઞાનવાણી સાથે જ્યારે સ્વયંનો આંતરિક અવાજ ભળે છે, ત્યારે જ આત્મ પુરુષાર્થ પ્રગટ થાય છે. બે આત્મિક અવાજ જ્યારે એક અવાજ બને છે, ત્યારે એક આત્મા અણગાર બને છે.

**ગુરુના આત્માનો અવાજ**
**અને**
**શિષ્યના આત્માનો અવાજ**
**જ્યારે એકમેક થાય છે,**
**ત્યારે**
**આત્મયાત્રાનો પ્રારંભ થાય છે.**

મોક્ષની મંઝિલ એક હોય પણ એ મોક્ષ મંઝિલ સુધી પહોંચવાના માર્ગ અનેક હોય અને એ બધાં જ માર્ગ સમ્યક્ હોય.

મોક્ષની મંઝિલ સુધી પહોંચવા કોઇ જ્ઞાનમાર્ગ પર આગળ વધતાં હોય છે તો કોઇ સ્વાધ્યાયના માર્ગે આગળ પ્રગતિ કરતાં હોય છે, કોઇને દરરોજની સેંકડો ગાથાનો સ્વાધ્યાય કરવાની રૂચિ ન હોય, એ ખૂબ જ ભાવ અને અહોભાવથી સેવા અને વૈયાવચ્ચ કરતાં હોય.

ઘણાને આખો દિવસ પ્રભુભક્તિ અને પ્રભુની ગુણસ્તવના પ્રિય હોય અને એ એમાં લીન-તલ્લીન હોય, તો ઘણાંને ધ્યાન સાધનાનો માર્ગ પસંદ હોય.

માર્ગ ચાહે કોઇપણ હોય, સેવાનો હોય કે સ્વાધ્યાયનો, ભક્તિનો હોય કે સાધનાનો લક્ષ્ય તો મોક્ષની પ્રાપ્તિનું જ હોય છે.

ઘણીવાર એવું બને કે, જે સાધક આખો દિવસ સ્વાધ્યાય કરતાં હોય એ સેવા અને વૈયાવચ્ચ કરનાર સાધકને કહેતાં હોય કે, હું તો રોજની 2000 ગાથા કરું છું અને તમે તો બે ગાથા પણ નથી કરતાં !

બની શકે છે, 2000 ગાથા કરવાવાળા જે આત્મ સમાધિને ન પામે, તે આત્મસમાધિ સેવા કરનાર સાધક પામતાં હોય. જે સમાધિ કલાકો સુધી સાધના કરનાર સાધક ન પામતાં હોય, એનાથી ઉત્તમ આત્મ સમાધિ ભક્તિ કરનાર સાધક પામતા હોય, ભક્તિ કરતાં-કરતાં, સ્તવનોનું ગાન કરતાં-કરતાં એમાં એકાકાર બની એ સ્વયંની ઇચ્છાવૃત્તિઓને શાંત કરતા હોય, કષાયોને મંદ કરતાં હોય અને સ્વયંને આત્મસમાધિના ભાવમાં લઇ જતાં હોય, આવા ભક્તિપ્રેમી સાધકને માનો કે, સેવા-વૈયાવચ્ચ કરનાર સાધક એમ કહે કે, તમે તો આખો દિવસ સ્તવનો જ ગાયા કરો છો, તમને તો કોઇની સેવા કરવાનું મન જ નથી થતું, તો શું એ યોગ્ય કહેવાય ? ના !

એક વાત યાદ રાખજો, **અન્યને અયોગ્ય માનનારા, અન્યની સાધનાને અયોગ્ય માનનારા, ક્યારેય યોગ્ય સાધક નથી હોતા.**

સહુ સહુની રીતે યોગ્ય હોય છે, સહુ, સહુના ભાવથી યોગ્ય હોય છે, સહુ સહુની પ્રેરણાઓથી યોગ્ય હોય છે, સહુ સહુની સ્વયંની સદ્ભાવનાથી યોગ્ય હોય છે અને સહુ સહુની સાધનાના માર્ગથી યોગ્ય હોય છે. માટે જ, મારી સહુને પ્રેરણા છે કે, અવિરોધ સાધકદશા પ્રગટાવવી જોઇએ.

એક સાધકને ધ્યાન પ્રિય છે, તો એક સાધકને સ્વાધ્યાય પ્રિય છે, માર્ગ અલગ છે પણ મંઝિલ એક છે. માટે જ, કોઇની સાધનાનું ક્યારેય અવમૂલ્યન ન કરવું. દરેકની સાધના અલગ-અલગ હોય શકે છે.

સાધનાની વ્યાખ્યા જ એ છે, જે સિદ્ધિ તરફ લઇ જાય.

સ્વયંની સાધના શ્રેષ્ઠ હોવાનું ગૌરવ હોવું યોગ્ય છે, પણ મારી જ સાધના સર્વશ્રેષ્ઠ છે, એવું અભિમાન હોવું અયોગ્ય છે.

ક્યારેય પંથને મહત્ત્વ ન આપવું જોઇએ, પરમાત્માને મહત્ત્વ આપવું જોઇએ.

બની શકે, કોઇ સ્થાનકવાસી હોય, તો કોઇ દેરાવાસી હોય, કોઇ દીગંબર હોય તો કોઇ તેરાપંથી હોય ! પંથ ચાહે કોઇ પણ હોય પણ પરમાત્મા સહુના એક છે, લક્ષ્ય સહુનું એક છે.

સહુનો સ્વીકાર કરવો જોઇએ.

**સહુનો સહયોગ અને સહુની સદ્ભાવના હોય, ત્યારે જ શ્રેષ્ઠતાને પામી શકાય.**

મારું શ્રેષ્ઠ હોય શકે, પણ મારું સર્વશ્રેષ્ઠ ન હોય ! મારું શ્રેષ્ઠ હોવું એ મારી, મારી સાધના પ્રત્યેની નિષ્ઠા છે અને મારું સર્વશ્રેષ્ઠ હોવું, એ મારો, મારી સાધના પ્રત્યેનો અહંકાર છે.

પોતાની વિચારધારા પ્રત્યેનો આગ્રહ અયોગ્ય છે. પોતાની વિચારધારા પ્રત્યે જ્યારે આગ્રહ ભાવ આવી જાય, ત્યારે અનાગ્રહભાવ તરફ જવું, એ સંયમ છે.

આગ્રહ શેમાંથી આવે છે ?

આગ્રહ બુદ્ધિમાંથી આવે છે અને બુદ્ધિ એ સંયમનું, પ્રજ્ઞાનું cataract છે. જેમ આંખમાં cataract હોય તો, વ્યક્તિને clear ન દેખાય, તેમ બુદ્ધિના કારણે સંયમની સ્પષ્ટતા ન જણાય.

જ્યાં સરળતા હોય છે, ત્યાં સર્વ સ્વીકાર હોય છે, જ્યાં સરળતા હોય છે, ત્યાં સંયમ ભાવ હોય છે, માટે જ, બુદ્ધિનો વિકાસ ન કરવો પણ સંયમનો વિકાસ કરવો જોઇએ !

આગ્રહ એ સંસાર છે, અનાગ્રહ એ સંયમ છે.



**જીવનમાં જ્યારે 'હું સાચો અને તમે ખોટા', એવી પક્કડ આવે, ત્યારે selfને command આપો,**

**'I am right, એ જ કારણ છે, fightનું !'**

# સંયમના સારથી કલ્યાણમિત્ર

- પરમ ગુરુદેવ



એક હોય છે મિત્ર અને એક હોય છે કલ્યાણમિત્ર ! સંસારમાં સહાય કરે એ મિત્ર હોય, સંયમમાં સહાય કરે એ કલ્યાણમિત્ર હોય.

તમે જ્યારે સંસારમાં છો, ત્યારે તમારા ઘણા મિત્રો હશે અને તમે પણ કોઈના મિત્ર હશો, ત્યારે તમે એક-બીજાના સુખનો વિચાર કરો છો પણ જ્યારે કોઈ કલ્યાણમિત્ર બને છે, ત્યારે તે એક-બીજાના હિત, શ્રેય અને કલ્યાણની ભાવનાને ધ્યાનમાં રાખે છે.

યાદ રાખજો, સુખી કરે એવી મૈત્રી નહીં, પણ તમારી અંદરમાં સત્યની સમજ પ્રગટાવે એવી કલ્યાણકારી મૈત્રી જ તમને સુખ, શાંતિ અને સમાધિ અપાવી શકે છે, એવી કલ્યાણકારી મૈત્રી જ તમારા જીવનમાં આનંદ અને પ્રસન્નતા લાવી શકે છે.

તમને સુખ આપનારી બે વસ્તુઓ આપી દે, તમારી એકાદ- બે જરૂરિયાતો પૂરી કરી દે, તમારી ઈચ્છાઓને પૂરી કરી દે, એ ક્યારેય કલ્યાણમિત્ર ન હોય, તમારી ઈચ્છાઓને પૂરી કરી દે, એ ક્યારેય કલ્યાણમિત્ર ન હોય. તમારી ઈચ્છાઓને જ પૂરી કરી દે, એ તમારા કલ્યાણમિત્ર હોય.

**આજથી તમે સંકલ્પ કરો,**

મારે મારા મિત્રની ઈચ્છાઓ પૂરી કરનાર મિત્ર નથી બનવું, મારે તો મારા મિત્રની ઈચ્છાઓ જ પૂરી થઈ જાય, એવા કલ્યાણમિત્ર બનવું છે.

જો તમે તમારા મિત્રની એક ઈચ્છા પૂરી કરશો તો એના મનમાં બીજી નવ નવી ઈચ્છાઓ જન્મશે. એમાંથી જો એક પણ ઈચ્છા તમે સંજાગોવશાત્ પૂરી ન કરી શકો, તો તમારી મિત્રતા જોખમમાં આવી જશે.

ઈચ્છા પૂરી ન થાય અને મિત્રતા જોખમમાં આવી જાય, એવા મિત્રો તો સંસારમાં ઘણા બધાં હોય છે, પણ તમે એવા મિત્ર બનો કે તમારી મિત્રતા ક્યારેય જોખમમાં ન આવે.

તમે તમારા મિત્રની ઈચ્છાપૂર્તિ કરનારા મિત્ર નહીં, પણ એમની ઈચ્છાનું જ મૃત્યુ થઈ જાય, એવી સત્ય સમજ આપનારા મિત્ર બનો.

**તમે તમારા મિત્રને સુખ આપો, એ સારી વાત છે, પણ તમે તમારા મિત્રને સમ્યૂક સમજ આપો એ શ્રેષ્ઠ વાત છે.**

તમે મિત્રને પલની પ્રસન્નતા આપો, એ સારી વાત છે પણ તમે મિત્રને હરપલ પ્રસન્નતા આપનારી પરમ પ્રજ્ઞા આપો એ સર્વશ્રેષ્ઠ વાત છે.

મિત્ર તો એ હોય, જે પોતાના મિત્રને કલ્યાણ માર્ગના યાત્રિક બનવાની પ્રેરણા આપે.

આજથી એક નિયમ બનાવો,

જ્યારે-જ્યારે પણ તમે તમારા મિત્ર સાથે વાત કરો, તમારી વાતમાં ક્યાંકને ક્યાંક એના

આત્મકલ્યાણની એકાદ નાનકડી પ્રેરણા ભળી જાય. તમારી વાતમાં એને સત્યનું માર્ગદર્શન મળી જાય. જો આવું થાય તો તમારી મૈત્રી કલ્યાણમૈત્રી બની જાય.

સામાન્ય મૈત્રીમાં શું હોય ?

સામાન્ય મૈત્રીમાં એક પ્રકારની લેવડ-દેવડ હોય. તેણે મારા માટે આટલું કર્યું તો મારે એના માટે આટલું કરવું જોઈએ.

મૈત્રીને ક્યારેય business ન બનાવવી જોઈએ. મૈત્રીમાં ગણતરી નહીં, પણ કલ્યાણની ભાવના હોય. મૈત્રી તો એવી હોય જે માત્ર આ ભવ પૂરતી ન હોય, ભવોભવની હોય અને સંપૂર્ણપણે ભવ અંત કરાવનારી હોય. એવી મૈત્રી જ કલ્યાણમૈત્રી હોય અને એવી મૈત્રી જ સાર્થક મૈત્રી હોય. માટે જ, મારી તમને પ્રેરણા છે; તમે તમારા મિત્ર માટે तिन्नाणं-तारयाणं બની જાઓ.

તમે પણ તરો અને તેને પણ તરાવો.

મિત્ર હોય એ ક્યારેક તમારી સલાહ પણ માંગે. એ મૂંઝવણમાં હોય ત્યારે તમારું માર્ગદર્શન લેવા આવે કે હું શું કરું, આ કરું કે આ કરું ? તને શું લાગે છે, મારે શું કરવું જોઈએ ?

યાદ રાખજો, મિત્ર જ્યારે તમારી પાસે સલાહ માંગવા આવે, ત્યારે તમે તેને સ્વાર્થની સલાહ ન આપતાં, તમે એના **સમજના સારથી** બનજો. તમે એના સ્વાર્થને પોષનારા નહીં બનતાં, તમે એને સાચી સમજ આપજો. **સમજના સારથી બનવું, એ પણ એક પ્રકારનો સંયમ છે.** મિત્રોની વચ્ચે પણ **સમજના સારથીરૂપ** સંયમ હોય. તેઓ એકબીજાના સમજના સારથી હોય. આવી મિત્રતા સમાધિ અપાવનારી હોય. આવી મિત્રતા મોક્ષમાર્ગમાં સહાયક હોય.

મિત્રતા ક્યારેય જરૂર પૂરતી ન હોય, કે મિત્રતા ક્યારેય જરૂરિયાત પૂરી કરવા માટે ન હોય. જરૂર છે માટે સંબંધ સર્જાય, એ ક્યારેય મૈત્રી ન હોય, એ વ્યાપાર હોય. મૈત્રી તો શાંતિ અને સમાધિને જન્મ આપવા માટે હોય, મૈત્રી તો સમજને જન્મ આપવા માટે હોય.

સમજને જન્મ આપનારી મૈત્રી હોય, એ વર્ષોના વર્ષો વીતે તો પણ ક્યારેય જોખમાતી નથી.

**पंचिंदियाणि कोहं, माणं मायं तहेव लोहं च।**
**दुज्जयं चेव अप्पाणं, सव्वं अप्पे जिए जियं।।**

**પાંચ ઈન્દ્રિયો, ક્રોધ, માન, માયા અને લોભ તથા મન,**
**આ બધાંને જીતવા દુષ્કર છે,**
**છતાં એક પોતાના આત્માને જીતી લીધા પછી એ બધાંને જીતી શકાય છે.**

શ્રી ઉત્તરાધ્યાયન સૂત્ર - અધ્યયન 9 - ગાથા 36

# સંયમ એટલે Spiritualityની process

- પરમ ગુરુદેવ



સંયમ એ સ્વતંત્ર જીવન છે.

સંયમ એ ઘણાં બધાં સંયોગોથી **સ્વ**ને સ્વતંત્ર કરવાનો અમૂલ્ય અવસર છે.

**મનની ગુલામી એ સ્વયંની પ્રસન્નતા માટેની પરતંત્રતા છે, dependancy છે.**

Dependancy એટલે depressionનું entry gate !

ધર્મના જગતમાં ભાવિકો ત્રણ પ્રકારે જોડાયેલાં હોય છે. ત્રણ processથી જોડાયેલાં હોય છે; 1. Cutural process 2. Ritual process અને 3. Spiritual process.

ભગવાનની પ્રતિમા સમક્ષ પ્રસાદ ધરાવાતો હોય, આરતી થતી હોય અને મનને જે આનંદ અનુભવાતો હોય એ cultural processનો આનંદ હોય. દિવાળી, દુર્ગાપૂજા, મહાશિવરાત્રી આદિ પર્વની ઉજવણી એ cultural process હોય છે. એ એક પ્રકારની સંસ્કૃતિ હોય છે. જેનાથી વાસ્તવિક રૂપમાં વધારે પ્રેરણા ન મળે પણ વ્યક્તિને અધર્મ અને અયોગ્યથી અટકાવી જરૂર શકે.

એક આત્મા સમગ્ર સંસારનો પરિત્યાગ કરી સંયમ પંથે આવે છે, ત્યારે તમે એમની અનુમોદના કરો છો. એમના પ્રત્યે અહોભાવ પ્રગટ કરો છો કે, ધન્ય છે આ આત્મા જે સંસાર છોડીને દીક્ષા લે છે. માતા-પિતા અને પરિવારને છોડે છે. સુખ-સંપતિ અને સાનુકૂળતાઓનો ત્યાગ કરે છે. મસ્તકે મુંડન અને વેશ પરિવર્તન કરી સાધુતાને ગ્રહણ કરે છે. શ્રેષ્ઠ માર્ગે પ્રયાણ કરે છે. એ આત્માને મારા લાખ-લાખ વંદન છે.

આ છે Ritual process !

એક સંયમી આત્મા જ્યારે **સ્વ** સાથે વાતો કરતાં-કરતાં સ્વયંમાં પરિવર્તન લાવવાનો પુરુષાર્થ કરે છે, ધ્યાન સાધનામાં મગ્ન બને છે. **સ્વ**ને ઓળખવાનો, **સ્વ**ને જાણવાનો અને **સ્વ**ને શુદ્ધ કરવાનો પ્રબળ પુરુષાર્થ કરે છે, તેને કહેવાય છે, સંયમની Spiritual process !

Ritual processમાં જ્યારે હજારોં આત્માઓ જોડાતાં હોય છે, ત્યારે Spiritual processમાં કોઈ એકાદ વીરલા જોડાતાં હોય છે.

Ritual process એટલે અધ્યાત્મની પરિક્ષામાં, આત્માની પરિક્ષામાં 35% થી પાસ થવાની સરળ process ! જ્યારે spiritual process એટલે 100% થી પાસ થવા માટેનો પ્રબળ પુરુષાર્થ કરવાની કઠિન process !

સંયમ એ માર્ગ છે, જ્યાં ક્યાંક કંકર પાથરેલાં હોય છે, તો ક્યાંક કમળ પાથરેલાં હોય છે. કંકર ઉપર ચાલતી વખતે પગમાં પીડા થતી હોય છે, તો કમળ ઉપર ચાલતી વખતે એક પ્રકારની softnessનો અનુભવ થતો હોય છે. સંયમ માર્ગમાં અનુકૂળતા અને પ્રતિકૂળતા, એમ બંને પ્રકારના અનુભવ થતાં હોય છે. પગને

જેટલી અનુકૂળતા કે પ્રતિકૂળતા મળે, એ સમયે જે સંયમ રાખવાનો પ્રયત્ન કરો, એ હોય છે બહારનો Ritual સંયમ એટલે કે ક્રિયાઓનો અને વિધિઓનો સંયમ !

પગની અનુકૂળતા અને પ્રતિકૂળતા વચ્ચે આત્માની જાગૃતતાનો, સ્વયંની સાવધાનીનો ભાવ પ્રગટે અને દેહ અને આત્માની ભિન્નતાની, ભેદજ્ઞાનની અનુભૂતિ કરતાં-કરતાં અંતરમાંથી જે ઉત્કૃષ્ટ આત્માનંદ પ્રગટે, પ્રકૃષ્ટ સમભાવ પ્રગટે, એ હોય છે આત્મિક spiritual સંયમ !

એક વ્યક્તિ જ્યારે વંદના કરે છે. સામાયિક-પ્રતિક્રમણ કરે છે, સાધના-આરાધના કરે છે, ઉપવાસ-આયંબિલ કરે છે, જપ સાધના કરે છે અને એના દ્વારા તે કંઈક અંશે પોતાની જાતને સંયમિત કરવાનો પ્રયત્ન કરે છે, તે હોય છે તેની Ritual process! આવા પ્રકારની વિધિ-વિધાન દ્વારા તે અધ્યાત્મના ક્ષેત્રમાં થોડાંક પગથિયાં ઉપર ચઢે છે અને ક્યાંકને ક્યાંક પોતાની અંદરમાં સંયમના ભાવોને પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે.

આ બધી વિધિઓ અને સાધના-આરાધના કરતાં-કરતાં જે સમયે તે વ્યક્તિની અંદર સમજ આવી જાય, બોધ પ્રગટી જાય, સત્ય realise થવા લાગે અને સહજપણે એનો સંસાર છૂટવા લાગે, આસક્તિઓ છૂટવા લાગે, વિશ્વમૈત્રી અને વિશ્વવાત્સલ્યનો અનુપમ ભાવ પ્રગટવા લાગે, એ હોય છે Spiritual સંયમ !

દીક્ષા મહોત્સવ અવસરે જે વિવિધ આધ્યાત્મિક આયોજનો હોય છે જેવા કે, દીક્ષાર્થીઓના સન્માન, સંયમ સાંજી, મહાભિનિષ્ક્રમણની ભવ્ય યાત્રા આદિ તે cultural process હોય છે. અવસરોની ભવ્યતા અને દિવ્યતાથી પ્રેરાઈને ઘણા નાસ્તિક અને અજ્ઞાની ભાવિકો પણ ધર્મમાં જોડાઈ જતાં હોય છે, પછી તેઓ સામાયિક-પ્રતિક્રમણ, વ્રત-તપ-જપમાં જોડાવા લાગે છે એટલે એમનો ritual processમાં પ્રવેશ થાય છે. વિવિધ આરાધનાઓ કરતાં-કરતાં એક એવો સમય આવે છે, જ્યારે તેઓ ધ્યાનમાં જાય છે, મૌનમાં જાય છે, **સ્વ**ને જાણે છે અને **સ્વ**માં ભળવા લાગે છે, ત્યારે એમનો spiritual processમાં પ્રવેશ થાય છે.


Spiritual processમાં જ્યારે 100% આવે ત્યારે પરમતત્ત્વનો અનુભવ થાય.

એક સંયમી આત્માનું એક જ લક્ષ્ય હોય, પરમતત્ત્વને પામવાનું !

100% spiritual process એને કહેવાય, જેમાં મમત્વ કોઈ પ્રત્યે નહીં અને પ્રેમનો પાર નહીં, જેમાં 'ન કોઈ મારું, ન કોઈ પરાયું' નો શ્રેષ્ઠ ભાવ હોય. જેમાં સૃષ્ટિના સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યનો ભાવ હોય. કોઈની હિંસા ન કરવી એ ધર્મ છે અને સર્વને પ્રેમ કરવો એ spiritual ધર્મ છે.

જ્યાં પ્રેમ હોય ત્યાં હિંસા ન હોય.

પરમાત્માએ બે સૂત્ર આપ્યાં છે; **अहिंसा परमो धर्म** અને **मित्ति में सव्व भूएसु** !





# સંયમ જીવનના વિવિધ દૃષ્ટિકોણ

- પરમ ગુરુદેવ

**સંયમ - ક્ષણે ક્ષણના વિવેકની ક્ષણ :**

સંયમી આત્માઓના ચહેરા પર સદાય એક પ્રકારની હળવાશ હોય છે.

એ હળવાશ સુખની હળવાશ નથી હોતી, પણ એ હળવાશ હોય છે, સત્યની હળવાશ !

સંયમ જીવનમાં બધી ઈચ્છાઓ પૂરી નથી હોતી, પણ ઈચ્છાઓને ઓળખી શકવાની, ઈચ્છાઓને સમજી શકવાની એક પ્રકારની ક્ષમતા પ્રાપ્ત થાય છે. આ ક્ષમતા પોતાની ઈચ્છાઓના વિવેકને જન્માવે છે. જેવી મનમાં કોઈ ઈચ્છા જાગૃત થાય, એટલે તરત જ અંતર આત્મામાંથી એક અવાજ આવે, નહીં, આ ઈચ્છાને પૂરી નથી કરવાની, આ ઈચ્છાને પૂરી કરવી એ તારો ઈચ્છાનો આગ્રહ છે અને ત્યાં જ ઈચ્છાનું મૃત્યુ થઈ જાય છે.

ઈચ્છા મૃત્યુની એ ક્ષણે જે આનંદ થાય છે, તે સંયમની એક અદ્‌ભૂત અનુભૂતિ હોય છે.

જે ક્ષણે આ વિવેક પ્રગટ થાય છે, તે ક્ષણ સ્વયંની સ્વયં સાથે વાત કરવાની ક્ષણ હોય છે.

પ્રભુની સાથે વાત કરતાં-કરતાં પ્રભુની વાત કરતાં-કરતાં, પોતાની ઈચ્છાઓને જાણવી, પોતાના અહંકારને ઓળખવો, પોતાની બુદ્ધિને ઓળખવી, પોતાની વૃત્તિને સમજવી, એ જ વિવેકને જન્મ આપે છે.

પ્રભુની વાત માનવામાં વિનય જરૂરી હોય છે, પણ પોતાની વાત માનતી વખતે વિવેક જરૂરી હોય છે.

**સંયમ શું છે ?**

પોતાની ઈચ્છાને પોષવાનો ભાવ સૂક્ષ્મ વૃત્તિ ન બની જાય, એ માટે પોતાની ઈચ્છાને ઓળખીને, પોતાની ઈચ્છાઓને સમજીને, એ ઈચ્છાઓથી મુક્ત થવાનો વિવેક જન્માવવાની સાધના, એ છે સંયમ !

સંયમ એ પળેપળના વિવેકની ક્ષણ હોય છે.

પ્રભુએ આમ કહ્યું હતું અને ગુરુએ આમ કહ્યું છે, એ માનવું જરૂરી છે કેમ કે, એ તમારો વિનય છે. પણ તમારો એ વિનય ત્યારે જ સાર્થક થાય છે, જ્યારે એની સાથે વિવેક હોય છે.

રાજા ઋષભે ખેડૂતોની ફરિયાદ સાંભળી, એમને કહ્યું કે, તમે તમારા બળદના મુખ પર છીકલાં બાંધી દો, જેથી બળદો ખેતી કરતી વખતે, તમારા પાકનો આહાર નહીં કરી શકે અને તમારો પાક બગડી નહીં જાય.

રાજાની વાતને માનવાવાળા ખેડૂતોમાં વિનયનો પાર ન હતો, પણ સમય આવ્યે બળદોના મુખ પરથી છીકલું છોડી દેવું જોઈએ, એવો વિવેક અંશ માત્ર નહોતો. એ વિવેક ન હતો, માટે જ, બળદોને કેટલાંય કલાકો ભૂખ્યા રહેવું પડયું હતું ! એ વિવેક ન હતો માટે જ, બળદોને ત્રાસ થયો હતો.

માટે જ, સંયમને માત્ર વિનય નથી કહેવાતો, સંયમને વિનય સાથેનો વિવેક કહેવાય છે.

વિનય + વિવેક = સંયમ

ત્રિકાલિક પ્રભુની આજ્ઞાનો સ્વીકાર કરવો, એનું નામ વિનય છે, પરંતુ વર્તમાનકાળને ઓળખવો, સમજવો અને પરખવો અને ત્યાર પછી એના અનુસાર પોતાના મન, વચન અને

કાયાના યોગોને જોડવા એ વિવેક છે.

જેટલો વિનય જન્મે, એટલો વિવેક જન્મવો પણ જરૂરી છે.

વિનયવાન વ્યક્તિ શ્રેષ્ઠ છે પણ વિનય સાથે વિવેકનો સમન્વય કરતી વ્યક્તિ સર્વશ્રેષ્ઠ છે.

## સંયમ એક Court :

સંયમ એક એવી court છે. જેમાં ગુનેગાર પણ તમે હો છો અને judge પણ તમે જ હો છો.

પોતે જ પોતાના ગુનાને ઓળખવા, પોતે જ પોતાની ભૂલોને ઓળખવી, પોતે જ પોતાના દોષોને ઓળખવા અને પોતે જ પોતાના એ ગુનાની, એ ભૂલોની, એ દોષોની સજા પોતાને આપવી, એનું નામ સંયમ !

સંયમ એક સાધના છે અને સાધનાની વ્યાખ્યા જ છે, પોતાના ગુનાઓની ઓળખ કરવી, પોતાના ગુનાઓનું મૂલ્યાંકન કરવું અને એ ગુનાની પોતાને સજા આપવી. પોતાના ગુનાની કબૂલાત કરવી.

ગુનો કબૂલ કરવા માત્રથી ગુનો સુધરી નથી જતો, ગુનો માફ નથી થતો. પ્રાયશ્ચિત અને પસ્તાવારૂપની સજા ભોગવવી પડે છે.

સ્વયંને સ્વયંની સમજ સાથેની સજા આપવાની હોય છે.

સંયમમાં હું જ મારો ગુનેગાર અને હું જ મારો judge હોય છે.

સંસારમાં પોતાના ગુના વખતે પોતાનું મન વકીલ બની જાય છે અને સંયમમાં પોતાના ગુના વખતે પોતાનું heart વકીલ બની જાય છે.

જ્યાં heart વકીલ બને છે, ત્યાં સમજ અને વિવેક હોય છે. જ્યાં મન વકીલ બને છે, ત્યાં બુદ્ધિનો ઉપયોગ હોય છે.

આત્માના અવગુણોનું દમન નથી કરવાનું, એનું શમન કરવાનું હોય છે. દમન કરેલાં અવગુણો પહેલાં દેખાય છે અને પછી Springની જેમ ઉછળવા લાગે છે.

દમન કરે એની સજાઓ ક્યારેય સાર્થક નથી થતી અને શમન કરે એની સજાઓ ક્યારેય નિરર્થક નથી થતી.

## સંયમ એક પાઠશાળા :

સંયમ એક એવી પાઠશાળા છે, જ્યાં હું જ મારો વિદ્યાર્થી છું. જ્યાં મન નામનો વિદ્યાર્થી હોય છે અને હૃદય નામના શિક્ષક હોય છે. જ્યાં વારંવાર સત્ય, અહિંસા, કરુણા, પ્રેમ, મૈત્રી, વાત્સલ્ય, સરળતા, નિ:સ્વાર્થતા અને પરમાર્થના પાઠ શીખવાડવામાં આવે છે, એ હોય છે, સંયમની પાઠશાળા !

સંયમની પાઠશાળામાંથી શીખીને જે વિદ્યાર્થી બહાર આવે છે, તે ક્યારેય નિષ્ફળ નથી જતાં.

## સંયમ - બે પ્રકારની મિત્રતા :

કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માએ બે પ્રકારની મિત્રતા દર્શાવી છે;

અભયદયાણં અને આત્મકલ્યાણં.

અભયદયાણં આપણને **मित्ति में सव्व भूएसु** - મંત્રની સમજ આપે છે, અર્થાત્ સૃષ્ટિના જીવ માત્ર પ્રત્યે મૈત્રીભાવ રાખવો.

આત્મકલ્યાણં આપણને **अप्पा मितं मितं च कीं बहिया मित मिच्छासिए** મંત્રની સમજ આપે છે. અર્થાત્ તું જ તારો મિત્ર છે, તું બહારમાં કેમ મિત્રને શોધે છે !

પરમાત્માએ આ પ્રકારની મિત્રતા બતાવી છે.

સંયમનો માર્ગ જ એ છે, જેમાં આ બે પ્રકારની મિત્રતાને પોતાના જીવનમંત્ર બનાવવા જોઈએ.

સંયમી કેવા હોય ?

સંયમી એ હોય, જે મંત્રોને મિત્ર બનાવે અને વિશ્વમૈત્રીને મંત્ર બનાવે !

**જીવનમાં જ્યારે આ મારો દીકરો છે, આ મારું ઘર છે,**
**આ મારી factory છે, એવો અધિકારભાવ આવે,**
**ત્યારે આ સૂત્ર દ્વારા કરો self પર control,**
**આ જગતમાં મહેમાન બનીને આવ્યા છીએ**
**તો માલિક બનીને શા માટે જીવવાનું ?**

આપણે આ અંકમાં જાણ્યું ,
પરમ ગુરુદેવના સરળ શૈલીમાં પ્રવચન અને હૃદયસ્પર્શી સૂત્રો દ્વારા,
સંયમ જીવનના different different aspects !
કંઈ રીતે પળ-પળ સંયમભાવમાં રહી શકાય ?
અને જો પુરુષાર્થ કરીએ તો કઇ રીતે સંસારમાં રહીને પણ
અલગ-અલગ દિશામાં દોડતા મનને સંયમિત રાખી શકાય !

જો મને સમજાઈ ગયું છે કે
મારા મનનું Remote control મારા જ હાથમાં
તો કેમ કરી શકે કોઈ મારી selfને drive?



## આવો સંકલ્પ કરીએ,

જીવનમાં જ્યારે-જ્યારે કોઈપણ પ્રકારના ભાવ
મારી અંદરમાં ઉઠશે ત્યારે-ત્યારે...
Self Suggestionsના accelerator દ્વારા
Self controlની brake દ્વારા અને
self commandને self reminderના clutch દ્વારા
મારી selfને right directionમાં
drive કરવા પુરુષાર્થ કરીશ.

કારણ કે યાદ રાખજો,
**‘આપણે સ્વયં જ આપણા ભાગ્યના સર્જનકર્તા છીએ**
**અને આપણે સ્વયં જ આપણા ભાગ્યના વિનાશકર્તા છીએ !’**

સૌજન્ય: ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર, ઘાટકોપર (મુંબઈ)



# સંસાર સાગર તરવા...

સંસાર સાગર તરવા નાવડી મળી છે,
અનાથ બાળકને જેમ માવડી મળી છે
સંસાર સાગર તરવા નાવડી મળી છે,
અનાથ બાળકને જેમ માવડી મળી છે
મોક્ષથી સિદ્ધ ભગવંતો પણ, કહેતા મને આવ રે, આવ રે
આતમ કહેતો રે, જંજીરો તોડીને જાઉં રે, જાઉં રે
એંધાણ એવા દેખાય, હવે જાજુ ના રહેવાય
હવે લક્ષ જીતવા દોડે આત્મા...
રોમ-રોમ કહે છે મુજને આપો સંયમ
દિલના ધબકારે ધબકે સંયમ એક સંયમ (2)

સિદ્ધિની શોધ માટે દોડતી રહી છું દિન-રાત રે હું
ગુરુવરની ગોદમાં રે, પંથ પરમનો પામી આજ હું
કડ-કડ-કડ-કડ કર્મોને તોડવા રે,
વીરજીના વારસાને સાધુ સદા
ભડ-ભડ ભડ-ભડ દોષોને બાળવા રે,
કાયના કષ્ટોને સહેવું સદા
બાળક હું ભોળો રે, ચાલ્યો છું મોટી પગલી માંડવા

Scan to
Listen Full Song

ગુરુમાં તું રહેજે ને સંગાથે, તારી આંગળી આપવા
ગિરનારી નેમની સંગે, વસ્ત્રો હશે શ્વેત અંગે
મન રંગાશે સંયમના રંગે
રોમ-રોમ કહે છે મુજને આપો સંયમ
દિલના ધબકારે ધબકે સંયમ, એક સંયમ (2)

શમણાઓ પૂરા થાશે, દીક્ષા મળશે ગુરુવર પાસે (2)
જિનવરને સોંપ્યું આ જીવન....
મારા આ ભવચક્રનો મને, મળજો જલ્દી અંતિમ જનમ
જિનવરની ભક્તિથી હું, જિનવર બની જાઊં
એ જ અરમાન છે...
ગુરુવરના ગુણોને હું પામું, ચાહું હું સમકિત દાન રે
વિશાલગિરી ગિરનારે...
હાર્દિક દિલડાના દ્વારે સંયમના પ્રગટશે દિવા રે
રોમ-રોમ કહે છે મુજને આપો સંયમ
દિલના ધબકારે ધબકે સંયમ, એક સંયમ (2)
સંયમ... એક સંયમ

**ઓ પરમ ગુરુદેવ !**
દેશ-વિદેશના લાખો હૃદયમાં
**સત્ય** અને **સંયમના ભાવો**
પ્રગટાવવા અને
**55-55 આત્માઓને**
**સંયમના દાન આપી,**
એમને પ્રભુ પથગામી
બનાવવા માટેની
આપની **સદ્ભાવના** અને
આપના **પ્રબળ પુરુષાર્થને**
કરીએ અમે નત્ મસ્તકે
નિતાંત વંદના અને
અર્પણ કરીએ આપને
અંતરના અહોભાવથી

## સંયમ શુભેચ્છા અભિવંદના !

સૌજન્ય: શ્રી ગુરુભક્ત,
જુનાગઢ

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-2-2024

# ...સુરત શહેરમાં ગૂંજી ઉઠ્યો...

## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના બ્રહ્મસ્વરે

## મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો દિવ્યનાદ





ઘણાં લાંબા સમય બાદ સુરત શહેરમાં **રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ**ના મંગલ પદાર્પણ સાથે એમના સાંનિધ્યે આયોજિત **મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની દિવ્ય જપ સાધના**માં આ અવસરે ગુજરાત રાજ્યના માનનીય ગૃહમંત્રી **શ્રી હર્ષભાઇ સંઘવી**, ઘાટકોપર મુંબઈના **શ્રી પરાગભાઇ શાહ** આદિ મહાનુભવોની વિશેષ ઉપસ્થિતિ સાથે વિશાળ સંખ્યામાં **ભાવિકો** શ્રદ્ધા - ભક્તિભાવે જોડાઈ સાધના દ્વારા અલૌકિક દિવ્યતાની અનુભૂતિ કરી હતી.

**સુખ આપનારાનું સુખ કદી ઘટતું નથી, સુખ લેનારાનું સુખ કદી વધતું નથી.**



ગુજરાત રાજ્યના માનનીય ગૃહમંત્રી **શ્રી હર્ષભાઈ સંઘવી**



અભિમંત્રિત મંગલ કળશની ઉછામણીનો લાભ લેતા **શ્રી મહેતા પરિવાર**

**27th** જાન્યુઆરીના **પરમ ગુરુદેવ** સુરતમાં જીવરાજ ચા પરિવારની વિનંતીનો સ્વીકાર કરી તેમના આંગણે પધાર્યા ત્યારે માનનીય ગૃહમંત્રી **શ્રી હર્ષભાઈ સંઘવી** આશીર્વાદ પામી ધન્ય બન્યા.

**Printed & Published by:** Deepak K. Bhayani on behalf of Jain Kranti Printed at: Arihant Printing Press B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400075. and published from Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai-400 069.